# લઘુ ઉદ્યોગ મહામંડળ

# બુલેટિન

સંળગ અંક : ૧૩૬, વર્ષ : ૧૩, અંક : ૫, ફેબ્રુઆરી : ૨૦૧૬, છુટક નકલ : રૂા.૧૦/-

LIBRARY 7 MAR 2016



ESTD. 1963

GSSIF

**GUJARAT STATE SMALL INDUSTRIES FEDERATION**

**(ગુજરાત રાજ્ય લઘુ ઉદ્યોગ મહામંડળ)**

4th Floor, 407, "NIRMAN HOUSE, Near Times of India, Ashram Road, Ahmedabad - 380 009. Gujarat (INDIA) Phone : (079) 26584409
Fax : (079) 26583764 E-mail : gssif1963@yahoo.in, website : www.gssifed.com

# લઘુ ઉદ્યોગ મહામંડળ બુલેટીન
## (Laghu Udyog Mahamandal Bulletin)

ESTD. - 1963

GSSIF

ગુજરાત રાજ્ય લઘુ ઉદ્યોગ મહામંડળ
૪૦૭, 'નિર્માણ હાઉસ', ટાઈમ્સ ઓફ ઈન્ડીયા પાછળ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૪૪૦૯, ફેક્સ ૦૭૯-૨૬૫૮ ૩૭૬૪
Website : gssifed.com, E-mail : gssif1963@yahoo.in

સળંગ અંક : ૧૩૬ ફેબ્રુઆરી - ૨૦૧૬
વર્ષ : ૧૩ અંક : ૫

LIBRARY 1 MAR 2016 AHMEDABAD

આદ્યપ્રમુખ
સ્વ. શેઠ શ્રી અરવિંદ નરોત્તમ લાલભાઈ

પ્રમુખ
અતુલ ડી. કપાસી

માનદ્‌મંત્રી તથા પ્રકાશન તંત્રી
દિનેશસિંહ બી. ચાવડા

◈ લવાજમ ◈
છુટક નકલ : રૂા. ૧૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-

## અનુક્રમણિકા

(૧) પ્રમુખ સ્થાનેથી ........ ૪
(૨) એક્સાઈઝ અંગે માર્ગદર્શન ........ ૫
(૩) વધારાનો ૧ ટકો પણ પડતો મૂકવા માટે નાણાં પ્રધાન તૈયાર ........ ૬
(૪) ઈડીઆઈએ ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટઅપ ફંડ સ્થાપ્યુ ........ ૭
(૫) SME ક્ષેત્રને પ્રોત્સાહન આપવા વીમા ક્ષેત્રે રાહત આપવા ઈરડા સક્રિય ........ ૭
(૬) રાજયમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે PNGના ભાવમાં રૂા. ૫નો ઘટાડો ........ ૮
(૭) સ્વનિર્ભર મહિલાને રૂા.૩ લાખ સુધી ૭ ટકા વ્યાજે લોન ........ ૮
(૮) MSME યુનિટને લોન પુરી પાડવા માટે સાઉથ ઈન્ડિયન બેન્ક NSIC વચ્ચે કરાર ........ ૮
(૯) સરકારની નવી જાહેર થયેલ TUF સ્કીમ / ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને વેટ તથા સેલટોક્સ રાહત જોઈએ છે ........ ૯
(૧૦) સ્ટાર્ટ અપ્સ માટે રોકાણ વિષયક સલા ........ ૧૦
(૧૧) મોદીનો નવો કાર્યક્રમ / નવી પાવર ટેરિફ પોલિસીને મંજુરી ........ ૧૧
(૧૨) Mudra Bank-New Regime, Old Philosophy ... ૧૨
(૧૩) Tapping into the Changing Trend of Export . ૧૪
(૧૪) Executive Summary of Report of CEA Dr. Arvind Subramanian Committee on Possible Tax Rates Under GST ........ ૧૬
(૧૫) Interest Equallsation Scheme on Pre & Post Rupee Export Credit with Effect from 1st April, 2015 for five Year ........ 21

Published, Printed & Edited by :
Dineshsinh B. Chavada, Hon. Secretory on behalf of
Gujarat State Small Industries Federation
(Laghu Udyog Mahamandal Bulletin)

**Printed at : Prizam Printers and Publishers Ltd.**
1st Floor, Premsagar, Nr. Madhuli Restaurant, Vallabhwadi,
Bhairavnath Road, Maninagar, Ahmedabad-380008.
**Ph. : 079-25451142, 25462088.**

**Published at : Gujarat State Small Industries Federation (GSSIF)**
407, Nirman House, Nr. Times of India, Ashram Road,
Ahmedabad-380 009. (Gujarat) INDIA
Ph. : 079-2658 4409, Fax : 079-2658 3764

નોંધ : મહામંડળ સમાચાર પત્રમાં પ્રગટ થતા લેખોમાં વ્યક્તિગત મંતવ્યો/વિચારો જે તે લેખકના છે. અને તે કોઈપણ રીતે મહામંડળનું મંતવ્ય રજુ કરતા નથી. અંકમાં છાપવામાં આવેલ સાહિત્ય શુદ્ધ ભાવનાથી છાપવામાં આવે છે. અને તેમા કોઈ પ્રકારની ક્ષતિ રહે નહી તેની કાળજી રાખવામાં આવે છે. તેમ છતાં સંજોગોવસાત ક્ષતિ હોય તો તેની જવાબદારી મહામંડળની રહેતી નથી.

## ઈડીઆઈએ ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટઅપ ફંડ સ્થાપ્યું

ઉદ્યોગ સાહસિકો માટેની અમદાવાદ સ્થિત સંસ્થા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ તેના પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે સ્ટાર્ટઅપ ફંડ સ્થાપ્યુ છે. સંસ્થાએ ઉદ્યોગ સાહસિકોને ફંડ આપવાની શરૂઆત પણ કરી દીધી છે. આ પહેલને કારણે સ્ટાર્ટઅપ કલ્ચરને વેગ મળશે તેવું સંસ્થાનુ માનવું છે.

ઈડીઆઈઆઈ ના જણાવ્યા અનુસાર આ ફંડ તેમના પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને મળતી સ્કોલરશીપ ઉપરાંત તેમના સ્ટાર્ટઅપને ચરિતાર્થ કરવા ફાળવવામાં આવશે. ઈડીઆઈના નિષ્ણાંતોની પેનલ, બેન્કર, ઈડીઆઈ ફેકલ્ટી તમામ પ્રકારનું મૂલ્યાંકન કર્યા બાદ પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ એટલે કે ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટઅપ માટે ફંડ સ્થાપશે. ઈડીઆઈના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ઈન બિઝનેસ આંત્રપ્રિન્યોરશીપ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ડેવલપમેન્ટ સ્ટડીઝના વિદ્યાર્થીઓને આ ફંડિગ મળશે.

ઈડીઆઈઆઈએ સ્ટાર્ટઅપ શરૂ કરનાર ઉત્કર્ષ ગુલાટીને ફંડ આપીને આ પહેલનો પ્રારંભ કર્યો છે. ઉત્કર્ષે 'વ્હીલ ફુડ ટ્રક' નામનું ઓન વ્હીલ રેસ્ટોરાંના વિચારને અમલમાં મૂકતું સ્ટાર્ટઅપ સ્થાપ્યું છે. જેણે તેનું પ્રથમ આઉટલેટ ગુડગાંવમાં શરૂ કર્યુ છે. આ કંપની વેન્ચર ફંડ પાસેથી ફંડ મેળવીને તેના બિઝનેસને વિસ્તરણ કરવા જઈ રહી છે. પુણે, દિલ્હી, બેંગલોર અને અમદાવાદમાં ઓન વ્હીલ આઉટલેટ સ્થાપવાનું આયોજન છે.

ઈડીઆઈઆઈ જેમને પોતાનો બિઝનેસ સ્થાપવો છે, તેમને ખાસ તાલિમ આપે છે. પોતાનો બિઝનેસ કરવા કે પેઢી દર પેઢી બિઝનેસ કરનારાઓની નવી પેઢી ઈડીઆઈમાં ઉદ્યોગ સાહસિકતાના પાઠ ભણે છે. ઈડીઆઈઆઈ ના પ્રોફેસર સત્ય આચાર્યએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી બે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ફંડ ફાળવવામાં આવ્યું છે. અને આગામી દિવસોમાં સ્ટાર્ટઅપ ફંડિંગના બીજા રાઉન્ડમાં ૨૦ જેટલા આઈડિયાને ફંડ ફાળવશે.''

ઈડીઆઈના પ્રોફેસર ડો.મનોજ મિશ્રાએ આ અંગે જણાવ્યું હતું કે, ''હાલમાં ૧૦ વિદ્યાર્થીઓના સ્ટાર્ટઅપ અંતિમ તબક્કા સુધી પહોંચી ગયા છે. જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ ફર્સ્ટ યરના જ્યારે સાત સેકંડ યરના છે. આ યુવા ઉદ્યોગસાહસિકોને ફંડિગ આપવા કેટલાંક ઈન્વેસ્ટર્સને પણ સાથે લેવામાં આવ્યા છે.''

ઈડીઆઈઆઈ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ (બિઝનેસ ઓંત્રપ્રિન્યોરશીપ) અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ (ડેવલપમેન્ટ સ્ટડીઝ) એમ બે કોર્સ દ્વારા દેશભરના વિદ્યાર્થીઓ-ઉદ્યોગસાહસિકોને સજ્જ કરે છે. અને તેમને મેનેજમેન્ટ અનુભવનો નિચોડ આપે છે. તાજેતરમાં ભારત સરકારે પણ ખાસ રાહતો જારી કરી છે. તેવા સંજોગોમાં ઈડીઆઈના પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ કરતાં ઉદ્યોગ સાહસિકો માટે બેવડી તક છે.

(સૌજન્ય : ફા.એ.)

## SME ક્ષેત્રને પ્રોત્સાહન આપવા વીમા ક્ષેત્રે રાહત આપવા ઈરડા સક્રિય

એમએસએમઈ સેક્ટરને પ્રોત્સાહન આપવાના હેતુથી વીમા નિયમનકાર ઇરડાએ ટ્રેડ ક્રેડિટ વીમા અંગેની માર્ગદર્શિકામાં ફેરફારો સૂચવ્યા છે

**<u>એમએસએમઈ સેક્ટરમાં ફેરફારો થવાથી ટ્રેડ ક્રેડિટમાં વધારો કરવાની જરૂરિયાત સર્જાઈ છે.</u>**

એમેન્ડમેન્ટ ટુ ગાઈડલાઈન્સ ઓન ટ્રેડ ક્રેડિટ ઈન્સ્યુરન્સ અંગેના એક્સપોઝર ડ્રાફ્ટમાં નિયમનકારે જણાવ્યું હતું કે, અર્થતંત્ર, ખાસ કરીને માઈક્રો, સ્મોલ, મિડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) સેક્ટરમાં ફેરફારો થવાથી ટ્રેડ ક્રેડિટમાં વધારો કરવાની જરૂરિયાત સર્જાઈ છે એ ક્રેડિટ ઈન્સ્યુરન્સ સેક્ટર અનેકગણું વધવાની તક સર્જાઈ છે.

આથી, ક્રેડિટ ઈન્સ્યુરન્સ બજારને પ્રોત્સાહન આપવાના હેતુથી આ માર્ગદર્શિકાની સમીક્ષા કરવાની જરૂરિયાત અનુભવાઈ છે. જે ભારતમાં ક્રેડિટ ઈન્સ્યુરન્સ બિઝનેસને નિયમન કરે છે.

ટ્રેડ ક્રેડિટ ઈન્સ્યુરન્સ એ એવી વીમા પોલીસી છે જે ખાનગી વીમા કંપનીઓ અને સરકારી નિકાસ ક્રેડિટ એજન્સીઓ દ્વારા બિઝનેસ સંસ્થાઓને ઓફર કરે છે જે તેઓને તેઓના એકાઉન્ટસમાં ક્રેડિટ જોખમો જેવા કે પ્રોટેક્ટેડ ડિફોલ્ટ, ઈનસોલ્વન્સી કે બેંકરપ્સીના કારણે થતી નુકસાની સામે રક્ષણ પુરૂં પાડે છે.

(સૌજન્ય : ગુજરાત સમાચાર)